# મિશન મંગલમ

ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી.

બ્લોક નં.૧૬, ત્રીજો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

*“સામાજીક ગતીશિલતા તથા સંસ્થાકીય નિર્માણ”*

**Social Mobilization and Institution Building**

એન.આર.એલ.પી. / એન.આર.એલ.એમ. / મિશન મંગલમ અંતર્ગત કોમ્યુનીટી રીસોર્સપર્સન-સી.આર.પી.(સ્થાનીક) માટેની માર્ગદર્શિકા.

જુલાઇ – ૨૦૧૩

# સી.આર.પી.(સ્થાનીક) માટેની માર્ગદર્શક નોંધ

ગુજરાત સરકાર દ્વારા ગરીબી નિવારણ માટેગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની મિશન મંગલમનો પ્રારંભ કરેલ છે. આ મિશને સરકારી વિભાગો,નાગરીક સમાજ, બેંકઅને ઉધોગોના સંસાધનો એક સાથે લાવી આયોજન બધ્ધ રીતે અને સમય મર્યાદામાં પરિણામ અધારિત પરીવર્તન માટે જોડાણ કરવું. આ મિશનનો મુખ્ય ઉદ્દેશ ગરીબીના મુદ્દાઓને સિંગલ પોઇન્ટ કોન્ટેકટ સિસ્ટમ દ્વારા બેંકો,ઉધોગો,લઘુધિરાણ સંસ્થાઓ, કૌશલ્ય વર્ધન કરતી સંસ્થાઓ વગેરેને સમુદાયિક કક્ષાનું પ્લેટફોર્મ પુરૂ પાડવાનો છે. આ પ્લેટફોર્મ દ્વારા વ્યુહાત્મક રીતે સંસાધનો એકત્ર કરવા, ઉધોગો વિકસાવવા, કૌશલ્ય વર્ધન, નાણાંકિય અને બજાર જોડાણ દ્વારા આજીવીકા વિકાસના તબકકાઓ સાથે જોડાણ કરવામાં આવી રહ્યું છે.

સમુદાય પાસેથી એક બીજાના અનુભવના આધારે શિખવાનો અભિગમ સામાજિક ગતિશીલતા અને ટકાઉપણા માટે શ્રેષ્ઠ ગણવામાં આવે છે. સ્વસહાયજુથ અને તેમના સંગઠનની  રચના તથા માવજત માટે કમ્યુનીટી રિસોર્સ પર્સન આધારિત વ્યુહરચના ઉત્તમ ગણાય છે. આ સી.આર.પી. એટલે કેકમ્યુનીટી રિસોર્સ પર્સન સમુદાયના પ્રતિનિધી છે કે જેઓને સ્વસહાય જુથમાં રહીને ઘણા વર્ષનો અનુભવ છે તેઓ પોતે સ્વસહાય જુથના માધ્યમથી સશકિતકરણના અભિગમમાં વિશ્વાસ ધરાવે છે. આ સફળ મહિલાઓ સી.આર.પી. તરીકે પ્રોજેક્ટમાં જોડાશે અને તેઓ સંસ્થકિય નિર્માણની પ્રક્રિયામાં સહભાગી બનશે.

આ સી.આર.પી. સ્વસહાય જુથનો સભ્ય છે કે જેને ગરીબીની વાસ્તવિકતાનો કડવો અનુભવ થયેલ છે અને જુથના માધ્યમ દ્વારા ગરીબીમાંથી બહાર આવેલ છેઅને સ્વસહાયજુથના અભિગમનો અનુભવ છે. જુથના નીતિ નિયમો, જુથની બેઠકની પ્રક્રિયા, દસ્તાવેજો અને રજીસ્ટરો નિભાવવાની જરૂરીયાત, બુક કિપરની ભુમિકા, માઇક્રો ક્રેડીટ પ્લાનની પ્રક્રિયા, ગ્રામ સંગઠનની મીટીંગની પ્રક્રિયા, એજન્ડા નક્કી કરવા, ગ્રામસંગઠનના વિવિધ કાર્યો અને તેની સમિતિઓ, સામુદાયિક ચળવળકારો, સ્વસહાય જુથ અને ગ્રામ સંગઠન સાથે ભુમિકા અને કાર્યોની સમજણ માટેનું જ્ઞાન પ્રાપ્ત કરેલ છે, આ સી.આર.પી. પોતાના અંગત અનુભવો અને તેના પોતાના જુથમાં,ગ્રામ,કલસ્ટર અને તાલુકા સંગઠનમાં થયેલ ઉત્તમ કામગીરીના આધારે શિખવા મળેલ બાબતોની તાલીમ સમુદાયને આપી શકે. સામાજિક ગતિશીલતાની પ્રક્રિયામાં ગરીબ મહિલાને પ્રોત્સાહિત કરવા માટે તાલીમ અને અન્ય કામગીરી દરમિયાન પોતાની પ્રાદેશિકતાનો ઉપયોગ કરવાની ક્ષમતા ધરાવતી હોવી જોઇએ.

શરૂઆતના તબકકામાં તાલુકા ટીમ જયાં ગામમાંથી સક્રિય મહિલાની ઓળખ ન થાય ત્યાં સુધી કાર્ય કરશે. અને આ સી.આર.પી.ને છ માસ દરમિયાન તાલીમો અને પ્રેરણા પ્રવાસ દ્વારા તૈયાર કરવામાં આવશે.

## તાલુકા કક્ષાની ટીમની કામગીરી:

ગુજરાતના પરિપેક્ષ્યમાં, તાલુકા ટીમ એ બાબતને ધ્યાનમાં રાખી ગામોમાં જશે કે ગામમાં પહેલાથી બનાવવામાં આવેલ હયાત સ્વસહાય જુથો છે અને હયાત સ્વસહાય જુથોનો સર્વે અને તેમનું સશકિતકરણ અને જે ગરીબો સ્વસહાય જુથમાં જોડવાના બાકી રહી ગયેલ હોય તેમને સ્વસહાય જુથમાં જોડવા.

તાલુકા ટીમ ગરીબો જ્યાં રહેતા હોય તેવા ઝુંમખા, હિતધારકો, સામુદાયના આગેવાનો કે જેમનો સામુદાય પર સારો પ્રભાવ હોય તેમની ઓળખ કરવી. તાલુકા કક્ષાની ટીમ ગામમાં નીચે મુજબની કામગીરી કરશે.

- હિતધારકો સાથે મીટીંગ કરવી અને તેમને સ્વસહાય જુથ રચનાની પ્રક્રિયાથી માહિતગાર કરવા.
- હયાત સ્વસહાય જુથના સભ્યો સાથે મિટીંગ કરવી અને સ્વસહાય જુથમા હજુ ન જોડાયેલ ગરીબોની ઓળખ કરવી.
- સ્વસહાય જુથમાં હજુ ન જોડાયેલ ગરીબો સાથે વ્યકિતગત / જુથમાં મિટીંગ કરવી.
- સ્વસહાય જુથ રચના પુર્વેની મિટીંગ કરવી.
- સાથે સાથે તાલુકા ટીમ હયાત સ્વસહાય જુથના સભ્યોને મળશે.
- સ્વસહાય જુથની તાલીમની જરૂરીયાતનું પૃથ્થકરણ કરવું.
- સ્વસહાય જુથના સશકિતકરણ માટે તાલીમની યાદી બનાવવી અને તાલીમનું આયોજન કરવું.
- તાલુકા ટીમે એ વાતની ખાત્રી કરવાની રહેશે કે ગામમાં એસ.સી., એસ.ટી., વિધવા,અપંગ, ત્યકતા વગેરે જેવા સમુદાયનો સમાવેશ સ્વસહાય જુથમાં થયેલ છે.

## સક્રિય મહિલાની ઓળખઃ-

તાલુકા ટીમ ગામમાં એક સ્વસહાય જુથમાંથી એક સક્રિય મહિલાઓની ઓળખ કરશે. સ્વસહાય જુથ તેમના જુથમાંથી ૨ થી ૩ સક્રિય મહિલાઓની ભલામણ કરશે અને તાલુકા ટીમ નીચેના માપદંડોને ધ્યાનમાં રાખી સ્વસહાય જુથને સક્રિય મહિલા નકકી કરવામાં સ્વસહાય જુથને મદદ કરશે.

**અ. સક્રિય મહિલાની ઓળખ માટેના માપદંડો**:

- સક્રિય મહિલાએ સારા સ્વસહાય જુથ (સ્વસહાય જુથની લાઇફ સાઇકલ પ્રમાણે) નો ભાગ હોવી જોઇએ અને તેમને માસિક બેઠક આયોજીત કરવાનો અથવા બેઠકમાં સહભાગી થવાનો અનુભવ હોવો જોઇએ અને તે સ્વસહાય જુથથી લાભાન્વિંત થયેલ હોવી જોઇએ.

- સક્રિય મહિલાએ અતિ ગરીબ પરિવાર / વંચિત પરિવારમાંથી હોવી જોઇએ અને તેમની પાસે પ્રાથમિક અને સંદેશાવ્યવહારની આવડત હોવી જોઇએ અને સમુદાય સાથે કાર્ય કરવાની અને પરીવર્તન લાવવાની સંવેદન સિલતા હોવી જોઇએ.
- સક્રિય મહિલા નાદાર ન હોવી જોઇએ અથવા નાદાર સ્વસહાય જુથની સભ્ય ન હોવી જોઇએ.
- સક્રિય મહિલા સ્વયં સેવક તરીકે કામ કરવા માટે તૈયાર હોવી જોઇએ.
- સક્રિય મહિલા બીજાને પ્રોત્સાહિત કરવા માટે અને સમય આપવા માટે સક્ષમ હોવી જોઇએ.
- સક્રિય મહિલાના પરિવારમાં પણ આ બાબત સ્વીકાર્ય હોય.
- સક્રિય મહિલાની ઉંમર ૨૦ થી ૪૫ વર્ષની હોવી જોઇએ.
- સામાજિક રીતે પછાત વર્ગ જેવા કે અનુસુચિત જાતિ/અનુસુચિત જન જાતિ / આદિમ જુથની મહિલાઓને પ્રાથમિકતા આપવી.

**<u>પસંદગી માટેની પ્રક્રિયા:</u>**

- તાલુકા ટીમ સ્વસહાય જુથ સાથે સક્રિય મહિલાના ખ્યાલની ચર્ચા કરશે.
- સ્વસહાય જુથ આ ખ્યાલ પર સર્વ સંમતિ પર આવવા જોઇએ અને માપદંડોના અધાર પર સક્રિય મહિલાના નામની યાદી તૈયાર કરવા માટે સક્ષમ હોવા જોઇએ.
- તાલુકા ટીમ સ્વસહાય જુથને સક્રિય મહિલાની તપાસ અને આખરીકરણ કરવા માટે મદદ કરશે.
- તાલુકા ટીમ એકટીવ વુમનની પસંદગીની પ્રક્રિયામાં મદદ કરવી જોઇએ જેથી સ્વસહાય જુથના ક્ષમતા ધરાવનાર સભ્યોની જ  પસંદગી થાય.
- તાલુકા ટીમે એકટીવ વુમનની જવાબદારીઓને સ્પષ્ટપણે દર્શાવવી અને ચર્ચા કરવી.
- આ દરખાસ્ત સ્વસહાય જુથની મિટીંગમાં સ્વીકાર્ય હોવી જોઇએ અને આ ચર્ચાની સ્વસહાય જુથના મિટીંગ મિનીટ્સ રજીસ્ટરમાં નોંધ થવી જોઇએ.
- તાલુકા ટીમે આ મિનીટ્સની નકલ અને એકટીવ વુમનની વિગત તેમના જીલ્લા કક્ષા પર મોકલી આપવી.

**<u>ક્ષમતા વર્ધન:</u>**

- ઓળખ થયેલ એકટીવ વુમનને તાલુકા ટીમ દ્વારાતેમની ભુમિકાઓ અને જવાબદારીઓથી માહિતગાર કરવી.
- તાલુકા ટીમ એકટીવ વુમનની તાલીમની જરૂરીયાતની ઓળખ કરી અને જીલ્લા ટીમને તાલીમ માટેની દરખાસ્ત કરશે.
- જીલ્લા ટીમ તાલીમની જરૂરીયાતના આધાર પર તાલીમ માટેનું કેલેન્ડર તૈયાર કરશે.

- ક્ષમતાવર્ધન માટે નીચેના વિષયો પર તાલીમની જરૂરીયાતની ઓળખ કરવી.
  ૧. સ્વસહાય જુથનો ખ્યાલ અને ચોપડાઓ
  ૨. નેતાગીરી અને સંઘર્ષ નિવારણ
  ૩. સ્વસહાયનું નામૂ અને રજીસ્ટરોની નિભાવણી
  ૪. સુક્ષ્મ બચત અને સુક્ષ્મ ધીરાણ
  ૫. સામાજિક સુરક્ષા માટેની યોજનાઓ
  ૬. લઘુ ઉધોગો અને કૌશલ્ય વર્ધન
  ૭. પંચાયતી રાજની સંસ્થાઓ અને સરકારી યોજનાઓ સાથે જોડાણ
  ૮. સ્વસહાય જુથના સંઘો - ભુમિકા, કાર્યો અને લાભો
  ૯. શિક્ષણ અને સાક્ષરતા
  ૧૦. આરોગ્ય પોષણ અને આરોગ્ય રક્ષણ

**<u>ભુમિકા અને જવાબદારીઓ:</u>**

એકટીવ વુમન સમાજિક ગતિશીલતા, સ્વસહાય જુથની રચના અને સ્વસહાય જુથના સશકિતકરણ માટે નીચે મુજબની કામગીરી કરશે.

- પ્રભાવશાળી નેતાઓ,અતિ ગરીબ સમુદાયોના બુજુર્ગ વ્યકિતઓ - મહિનામાં ઓછામાં ઓછી ૧૫ મુલાકાત કરવી.
- હયાત સ્વસહાય જુથો અને સ્વસહાય જુથમાં હજુ ન જોડાયેલ ગરીબોની ઓછામાં ઓછી ૧૦ મિટીંગનું આયોજન કરવું જેથી ગામ અને સમુદાયને સમજી શકાય અને સ્વસહાય જુથ અને ગરીબીને લગતા મુદ્દાઓને અભ્યાસ કરી શકાય.
- કમ્યુનીટી ઓપરેશનલ મેન્યુઅલ પ્રમાણે સ્વસહાય જુથમાં હજુ સુધી ન જોડાયેલ ગરીબોના ૧૦ નવા સ્વસહાય જુથની રચના કરવી.
- દરેક સ્વસહાય જુથને સ્વસહાય જુથનું સંચાલન, બેઠકની પ્રક્રિયા, નેતાગીરીની ભુમિકા અને નિર્ણય લેવાની પ્રક્રિયાને લગતી પ્રાથમિક તાલીમ બેચ પ્રમાણે આપવી- મહિનામાં ઓછામાં ઓછી પાંચ બેચ.
- પાંચ સ્વસહાય જુથની બેઠકમાં ભાગ લેવો અને જુથને સારા જુથના સંચાલન જેવા કે અઠવાડિક બેઠક, અઠવાડિક બચત, આંતરીક ધીરાણ,રજીસ્ટર નિભાવણી અને રજીસ્ટર નિભાવનારની જરૂરીયાત અને મહત્વ આ દરેક બાબતો પર તેમને સહમત કરવા.
- બુક કિપર/કમ્યુનીટી મોબીલાઇજરને ઓળખવામાં મદદ કરવી.

- સ્વસહાય જુથના દસ્તાવેજોને અધતન કરવા, સ્થિતિનો અહેવાલ તૈયાર કરવો અને સભ્યોને જુથની કમગીરીથી સજાગ કરવા.